**ELECTION/URGENT**

નાયબ કલેક્ટર અને
સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
અમરેલી

મતદાર નોંધણી અધિકારી
૯૫–અમરેલી વિધાનસભા મતદાર વિભાગ –વ–
પ્રાંત અધિકારીની કચેરી,
રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી
ફોન નં.૦૨૭૯૨–૨૨૨૭૩૦, ૨૨૨૭૩૪
ઈમેઈલ : **po-amr@gujarat.gov.in**

નં.મતદ/વશી/૬૩૦/૨૦૨૨

તા. ૧૯/૧૦/૨૦૨૨

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી
(૨) જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારીશ્રી, અમરેલી

વિષય :– **"AVSAR" કેમ્પેઇન અંતર્ગત નકકી કરેલા વિષયો પૈકી "5-Addressing Urban Voters Apathy" અંતર્ગત અસરકાર કામગીરી કરવા બાબત**

સંદર્ભ:– (૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર નં.ઇએલસી/અવસર કેમ્પેઇન/૧૭/૨૦૨૨, તા.૧૪/૧૦/૨૦૨૨
(૨) નાયબ જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમરેલીના પત્ર નં.ચટણ/વશી/૧૦૮૪/૨૦૨૨, તા.૧૭/૧૦/૨૦૨૨

સવિનય,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભિત પત્રોથી આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ–૨૦૨૨ માં મતદાન કરવા અંગે તમામ પ્રાથમિક/ માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓને સંદેશો પાઠવવા જણાવેલ છે. તે "સંદેશાપત્ર" આ સાથે સામેલ રાખી સાદર કરવામાં આવે છે. તો ૯૫–અમરેલી વિધાનસભા મતદાર વિભાગ વિસ્તારમાં સમાવિષ્ટ આપના તાબાની પ્રાથમિક/ માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વાલીઓને સદરહું સંદેશા પત્ર પાઠવવા વિનંતી છે.

Ok signed by ERO sir.

મતદાર નોંધણી અધિકારી
૯૫–અમરેલી વિધાનસભા મતદાર વિભાગ
અને
પ્રાંત અધિકારી, અમરેલી

---

પરીપત્ર નં. ૨૦૯

ક્રમાંક/યોજના/વિ.સા.ચું/૨૦૨૨-૨૩/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમરેલી
તા. ૧૯/૧૦/૨૦૨૨

ઉપરોકત પત્રની વિગતે જાણ તથા વિદ્યાર્થીઓના વાલીઓને સંદેશા પત્ર પાઠવવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, બિન સરકારી અને નોન ગ્રાન્ટેડ શાળાઓ,
૯૫ - અમરેલી વિધાનસભા મતદાર વિભાગ વિસ્તાર
જિ. અમરેલી

Scanned with CamScanner

અવસર લોકશાહીનો

આદરણીય વાલીગણ,

ચૂંટણી પ્રક્રિયા તે લોકશાહીનો પાયો છે અને સુદ્રઢ લોકશાહી માટે ચૂંટણી પ્રક્રિયામાં મતદારોની મહત્તમ ભાગીદારી અનિવાર્ય છે. એક લોકતંત્ર ખરા અર્થમાં લોકોનું તંત્ર ત્યારે જ બને છે. જયારે ચૂંટણી પ્રક્રિયામાં દરેક મતદાર મતદાન થકી પોતાનું યોગદાન આપે.એક જાગૃત અને જવાબદાર મતદાર તરીકે દરેક ચૂંટણીમાં અચૂક મતદાન કરીને આપે આ ભાગીદારી સુનિશ્ચિત કરેલ છે આપના આ સતત અને સક્રિય યોગદાન બદલ ભારતનું ચૂંટણી પંચ આપનો આભાર માને છે. વિશ્વમાં સૌથી વિશાળ લોકશાહી જ નહીં પરંતુ સૌથી ઉત્કૃષ્ટ લોકશાહી તરીકે આપણા રાષ્ટ્રની આગેકૂચ માટે આપના જેવા મતદારોનું આ યોગદાન નિર્ણાયક છે.લોકશાહીના મૂલ્યો પ્રતિ આપની નિષ્ઠા અને આપની પ્રતિબદ્ધતાને ચૂંટણીપંચ બિરદાવે છે.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ મતદારોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા ચૂંટણીપંચ આપના સક્રિય સાથ અન યોગદાન માટે અપીલ કરે છે. મતદાનની પ્રક્રિયા સુગમ અને સરળ બની રહે તે માટે ચૂંટણીપંચ દ્વારા દરેક મતદાન મથક પર પીવાનું પાણી, વીજળી, છાંયડો, શૌચાલય, રેમ્પ, વ્હીલચેર વગેરે જેવી અનેક સુવિધાઓ ઉપલબ્ધ્ કરાવવામાં આવે છે. દિવ્યાંગ મતદારો, વરિષ્ઠ મતદારો, બીમાર કે અશકત મતદારો તથા સગર્ભા મહિલા મતદારો માટે પણ વિશિષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આપના પરિચિત દરેક મતદારોને આસુવિધાઓ વિષે માહિતગાર કરીને અચૂક મતદાન માટે પ્રરિત કરવા ચૂંટણીપંચ આપને વિનંતી કરે છે. અમને પૂર્ણ વિશ્વાસ છે કે દરેક ચૂંટણીની જેમ જ આ ચૂંટણીમાં પણ મતદાન કરીને આપ લોકશાહી મૂલ્યો પ્રતિ આપની પ્રતિબદ્ધતા ફરી એકવાર વ્યકત કરશો અને અન્ય મતદારો માટે એક અનુકરણીય :ઉદાહરણ પૂરુ પાડશો.

જયહિન્દ.

-સહી-
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર
અમરેલી જિલ્લો

પ્રતિ,
નામ:-..................................................
૯૫-અમરેલી વિધાનસભા મતવિસ્તાર.

Scanned with CamScanner

નં.ચટણ/વશી/૧૦૮૫/૨૦૨૨
કલેક્ટર કચેરી, ચૂંટણી શાખા, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૩૨૮૭૨
ઇ-મેઇલ: dydeoamr@gmail.com
તા. ૧૭-૧૦-૨૦૨૨

પ્રતિ,
૧) ચૂંટણી અધિકારી-વ-પ્રાંત અધિકારીશ્રી.....................................(તમામ)
૨) જિલ્લા સ્વીપ નોડલ અધિકારી-વ-નાયબ કલેક્ટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર, અમરેલી.

વિષય:-"AVSAR" કેમ્પેઈન અંતર્ગત નક્કી કરેલા વિષયો પૈકી "5. Addressing Urban Voters Apathy" અંતર્ગત અસરકારક કામગીરી કરવા બાબત.

ઉપર્યુકત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્ર પરત્વે જણાવવાનું કે, આગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ સંદર્ભે અત્રે દવારા "અવસર લોકશાહીનો" કેમ્પેઈન જાહેર કરવામાં આવેલ છે. "AVSAR" એટલે "All Voters - Spirited Aware Responsible". આ કેમ્પેઈનનો મુખ્ય હેતુ મતદાર રજિસ્ટ્રેશન અને મતદાનનું પ્રમાણ (મતદાનની ટકાવારી) વધારવાનો છે. આ કેમ્પેઈન અંતર્ગત કુલ-૧૦ વિષય આવરી લેવામાં આવેલ છે.

ઉકત વિષયો પૈકી "5. Addressing Urban Voters Apathy" વિષય હેઠળ ચૂંટણીપંચની સૂચના મુજબ અસરકારક કામગીરી કરવી જરૂરી જણાય છે. ઉકત વિષય હેઠળ કરવામાં આવેલ પ્રવૃતિના ફોટોગ્રાફ તથા વિડિયો અત્રેની જાણ હેઠળ (CC) ચૂંટણીપંચના પત્રમાં દર્શાવેલ ઇ-મેઇલ એડ્રેસ acitceooffice@gmail.com ઉપર મોકલી આપવા વિનંતી.

- જિલ્લામાં કાર્યરત જનસેવા કેન્દ્રો, નગરપાલિકા કચેરી ખાતે કાર્યરત જનસેવા (નાગરિક સુવિધા) કેન્દ્રો, તાલુકા જનસેવા કેન્દ્રો તેમજ તાલુકા ઈ-ધરા કેન્દ્રોની દરરોજ મોટી સંખ્યામાં લોકો મુલાકાત લેતા હોય છે. જે જનસેવા/ઈ-ધરા કેન્દ્રો મારફતે અસરકારક રીતે આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માં મતદાન કરવા અંગેનો સંદેશો મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચાડી શકાય તેમ હોવાથી "અવસર લોકશાહીનો" કેમ્પેઈનનો લોગો દર્શાવતા અને આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માં મતદાન કરવા માટે અપીલ કરતા સંદેશા સાથેના બેનર તૈયાર કરાવી જિલ્લાના દરેક જનસેવા કેન્દ્રો અને ઈ-ધરા કેન્દ્રો ખાતે જાહેર જનતા આસાનીથી જોઈ શકે તેવા સ્થળે પ્રદર્શિત થાય તે બાબત સુનિશ્ચિત કરવા વિનંતી.
- "અવસર" કેમ્પેઈનના મુદ્દા નં. 5 Addressing Urban Voters Apathy" અંતર્ગત ઓછુ મતદાન ધરાવતા અને ઓળખ કરેલ તમામ મથદાન મથક વિસ્તારમાં પસંદ કરેલ સોસાયટીના ચેરમેનશ્રી/સંચાલકશ્રીને તેઓની સોસાયટીના તમામ સભ્યોને આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા અંગે

Scanned with CamScanner

અપીલ કરતો પત્ર (બિડાણ આ સાથે સામેલ છે.) આપશ્રીની સહીથી ચૂંટણી જાહેર થયાના ૧૫ દિવસમાં અચૂક મોકલાઈ જાય તે બાબત સુનિશ્ચિત કરવા વિનંતી.

ઉકત કામગીરી નિયત સમયમર્યાદામાં યોગ્ય રીતે પૂર્ણ થાય તેમજ તેની ફોટોગ્રાફ્સ સહિતની અન્ય જરૂરી વિગતો આપની કક્ષાએ મેળવીને સંગ્રહિત કરવાની રહેશે જે ચૂંટણીપંચ દ્વારા સૂચના મળ્યેથી અત્રેની કચેરીને પૂરી પાડવાની રહેશે.

બિડાણઃ-ઉપર મુજબ

નોડલ અધિકારી અવસર
-વ-
નિવાસ અધિક કલેકટર,
અમરેલી



Scanned with CamScanner